સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

વરસ્યા કરે હજી મોસમ વિના, ચૂંટણી જેમ,
બોલાય છે ભાષા દિલાસામાં પણ ચૂંટણી જેમ,
ફાળવે છે ગ્રાન્ટ પણ જાણે 'દાન' ચૂંટણી જેમ,
રાખવી જોઈએ પ્રજાને હંમેશા ચૂંટણી જેમ.

હાઈકુ

રહો પ્રેમાળ
સદાય પ્રજા પર
ચૂંટણી જેમ

રાખો તાટસ્થ્ય
બધાં રાજ્યો તરફ
ચૂંટણી જેમ

ચિંતન

અકાલજ્ઞઃ સુદુર્મેધાઃ કાર્યાણામ્ વિશેષવિત્ ।
વૃથાયારસમારંભી પ્રેત્ય ચેહ વિનશ્યતિ ॥

ઉપરોક્ત શ્લોક સમયસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

સમય પ્રમાણે - સમયને અનુકૂળ સમયને ઓળખીને કાર્ય ન કરનારો, મંદ બુદ્ધિવાળો, કાર્યના સાધન અને પરિણામ ઈત્યાદિથી અજાણ્યો અને નકામાં-ખોટાં-અયોગ્ય-વૃથા કાર્યોનો પ્રારંભ કરનારો મનુષ્ય, આલોકમાં વિનાશ પામે છે.

કેટલાંક લોકોમાં કામ કરવાની શક્તિ તો હોય છે પણ યોગ્ય સમયે - યોગ્ય કામ કરવાની આવડત હોતી નથી, ચોમાસામાં પુલ બનાવવાનું કામ, શિયાળામાં બાગ-બગીચાનું કામ, ઋતુ પ્રમાણે પારખીને કામ કરવામાં આવે નહીંતર હાંસીને પાત્ર ગણાય.

અધિકારી માણસને પોતાના કર્મચારીની બુદ્ધિ આવડતનો પારખું હોવો જોઈએ. ક્યાં કર્મચારી પાસેથી કેવું અને કેવી રીતે કામ લેવું એમાં જ એની સફળતા છે કોઈ મહેનત - ગધ્ધા વેતરું કે બહારના ફરવાના કામમાં પાવરધા હોય તો કોઈ બુદ્ધિ કૌશલ્યના લેખનમાં પારવધા હોય છે. ક્યાં સાધનથી કઈ કળથી ક્યા કામમાં કોને ક્યાં સમયે ઉપયોગ કરવાથી જ સફળતા મળે છે.

સુવિચાર

- ચરિત્ર કા નિર્માણ તબ નહીં શુરુ હોતા, જબ બચ્ચા પૈદા હોતા હૈ,
  યે બચ્ચે કે પૈદા હોને સે સૌ સાલ પહલે સે શુરું હો જાતા હૈ - **શિવખેરા**
- જીભને કોમળ રાખજો અને કાન કડક રાખજો, કોમળ જીભ હશે તો તે મધુર વચન બોલશે અને તમારા કાન જો કડક હસે તો કર્કશ શબ્દ જીરવી શકાશે - **એસ. ભટ્ટાચાર્ય**
- પૃથ્વી વિશે કંઈ કંઈ મણી રત્નો પડેલા છે હજી, છે શેરને માથે સવાશેર ન ભૂલો એ કદી - **નવનીત**
- મફત મળે તો દિવલ સુધ્ધાં આનંદથી પીનારા અહીં પડ્યા છે - **જયોતીન્દ્ર દવે**
- સદાચારના પાલનથી શક્તિ મળે છે, જેનાથી પુણ્ય બંધાય છે - **રાજયશ સૂરિશ્વરજી**
- 'ડીપ્રેશન' આવે જ નહીં, એનું નામ જ્ઞાનથી પુણ્યની પૂર્ણાહૂતિ - **આપ્તસૂત્ર**
- આજનું ઔષધ : બે ટીપાં લવિંગના તેલમાં એકગ્રામ જેટલું મીઠું મેળવી લમણામાં ઘસવાથી માથાનો દુઃખાવો મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ડૉ. એ.પી.જે. કલામ રાષ્ટ્રપતિ હતા ત્યારનો પ્રસંગ છે. એમના મિત્રએ એમને પૂછ્યું, 'આપ પાંચ વર્ષથી રાષ્ટ્રપતિ ભવનમાં છો, આ દરમિયાન ઘણા પ્રસંગો બન્યા હશે, એમાંથી શ્રેષ્ઠ પ્રસંગ કયો ?'

કલામે નિખાલસપૂર્વક જવાબ આપતા કહ્યું, 'એકવાર હું સવારમાં બગીચામાં મોર્નિંગ વોક કરી રહ્યો હતો અને એ સમયે એક મોર આવીને પડ્યો. મોર ઘાયલ હતો. તરત હું એની પાસે ગયો. ખોળામાં લીધો. મારા ગાર્ડને કહ્યું, આ ઈજાગ્રસ્ત મોરનો તાત્કાલિક ઈલાજ કરો. બે મહિના એનો ઉપચાર ચાલ્યો અને સાજો થયો અને પાંખો ફફડાવતો ઊડી ગયો.' એમણે આગળ કહ્યું, 'પાંચ વર્ષનો આ શ્રેષ્ઠ પ્રસંગ હતો.' અહીં ઘણા બધા રાજકારણીઓ આવ્યા અને ગયા. એમાંથી કોઈ જોડે મારે આત્મીય સંબંધ ન બંધાયો જેવો એ ઘાયલ મોર જોડે બંધાયો. હું રાષ્ટ્રપતિ પદ પર ન હોઉં અને એ મોરનો ભેટો કદાચ થઈ જાય તો એ મને જોઈને ચોક્કસ નાચવા લાગશે. પણ અહીંની માણી ગયેલા રાજકારણીઓ માફ હું આવું કહી ન શકું.' સાર એ છે કે બીજાને સુખી કરીને સુખી થાય તે શ્રેષ્ઠ માણસ છે. બીજાને સુખી જોઈને નારાજ સુખી થનાર બીજા નંબરે છે. બીજાને દુઃખી જોઈને દુઃખી થનાર ત્રીજા નંબરે અને બીજાને દુઃખી કરીને રાજી થનાર ચોથા નંબરે છે.

'આપણો નંબર કયો ?'

ન્યાયપાલિકા કોરોનાપીડિત પરિવારોની પડખે

તંત્રીસ્થાનેથી...

૧૮ નવેમ્બરના રોજ સુપ્રીમ કોર્ટમાં થયેલી સુનાવણીમાં જસ્ટિસ એમ.આર. શાહ અને જસ્ટિસ નાગરત્ન દ્વારા કોરોના ગુજરાત સરકારના ડેથ સ્કુટિની અંગેના આદેશની ધૂ કાઢી નાખવા ઉપરાંત મુખ્યમંત્રીથી લઈ બ્યુરોક્રસીનો ઉધડો લઈ નાખ્યો છે. કોરોનાથી દસ હજાર જેટલાં મૃત્યુ થયાં હોવાનું ખુદ સોલિસિટર જનરલ દ્વારા સ્વીકારાયું હતું. હવે સુપ્રીમ પરિવારને મૃતક દીઠ રૂા. ૫૦ હજારની તત્કાળ સહાય આપવાના આદેશની અવહેલના કરીને કોરોના મૃત્યુની ખરાઈ કરવાનો ફરવો બહાર પાડ્યો એથી સ્વાભાવિક રીતે જ અદાલત આકરા પાણીએ થઈ છે. અદાલતે બહુ જ કડક શબ્દોમાં પૂછ્યું હતું કે આવો ફતવો બહાર પાડવાની કેમ જરૂર પડી ? એવી દલીલ કરાઈ કે કેટલાંક ખોટાં સર્ટિફિકેટ આગળ ધરીને લાભ મેળવી ન જાય એટલા સારું છેક ઉપરના આદેશથી સ્કુટિનીનો નિર્ણય લેવાયો હતો. જો કે અદાલતના આકરા વલણ પછી એ આદેશ પાછો ખેંચાયો હોવાનું કહી સોલિસિટર જનરલે ન્યાયમૂર્તિઓને ટાઢા પાડવા કોશિશ જરૂર કરી પરંતુ ન્યાયમૂર્તિઓએ તો એમનો ઉગ્ર પ્રતિભાવ આપ્યો જ. એમણે વધારાના મુખ્ય સચિવથી લઈ મુખ્યમંત્રી સુધીના પદાધિકારીને એમાં લપેટ્યા અને દુખિયારા પરિવારોને તત્કાળ આર્થિક વળતર આપવાને બદલે એમને સ્કુટિનીની પીડાદાયક પ્રક્રિયામાંથી પસાર થવામાંથી રાહત આપવાનો કડક આદેશ કર્યો. ન્યાયમૂર્તિઓએ જે આકરા સવાલો કરી સરકારને ઉતારી પાડી છે તે ખૂબ સૂચક છે. વ્યથિત - પીડિત પરિવારોને કોઈ ખોટી રીતે એ આદેશનો ગેરલાભ લઈ લેશે એવી દહેશતથી અદાલતના આદેશ મુજબ મળવા પાત્ર વળતર અટકાવીને વધુ વ્યથિત કરવા એ યોગ્ય નથી. એવા પરિવારોને ફરી પાછા હોસ્પિટલોમાં ચક્કર કાપવા ફરજ પાડવી એ તો નરી ક્રૂરતા છે. હોસ્પિટલોનો ચોખ્ખા આદેશો મેળવી એ સરકારને પહોંચાડે કે સરકારી સ્કુટિની કમિટી એનો અહેવાલ તૈયાર કરી નિરાંતે વળતરની રકમ રિલીઝ કરે એમાં તો મહિનાઓ બલકે આખું વરસ નીકળી જાય. અદાલતની આ કાર્યવાહી અને આ અભિગમ સરકારને જે પ્રજાને ચૂંટીને સત્તા સોંપી છે એના પ્રત્યે ફરજનિષ્ઠ બનવાની આકરી સલાહ છે. જો એ અદાલતના સ્પષ્ટ આદેશ પછી પણ વળતર ચૂકવવામાં વિલંબ કરે તો એ સ્પષ્ટ રીતે બ્યુરોક્રસીની રેઢિયાળ 'રેડ ટેપિઝમ' નો જ નાદર નમૂનો લેખાશે. પોતાના આદેશનો તત્કાળ અમલ ઈચ્છતી ન્યાયપાલિકા હવે સરકારની સર્વોચ્ચતા સ્વીકારવા તૈયાર નથી એ પણ આ અભિગમમાં બિટવિન ધ લાઈન્સ વાંચી શકાય એવો સ્પષ્ટ મેસેજ છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી સરકાર અને ન્યાયપાલિકા અવારનવાર એકબીજાની સામે આવી જતાં હોય એવો માહોલ સરજાતો રહ્યો છે, ખેડૂત આંદોલન હોય, લખીમપુર ખીરીનો હત્યાકાંડ હોય કે દિલ્હીમાં ફેલાઈ રહેલા વાયુપ્રદૂષણનો મુદ્દો હોય - ન્યાયપાલિકાએ સરકાર સામે કડક વલણ જ અપનાવ્યું છે. એનું એક ગર્ભિત કારણ એ પણ હોઈ શકે કે વર્તમાન કેન્દ્ર સરકાર કે શાસક પાર્ટી ભાજપની રાજય સરકારોને ન્યાયપાલિકા એ મુદ્દાની યાદ અપાવવા માગે છે કે સરકારનાં બધાં જ પગલાં ન્યાયપુરઃ સર નથી. વળી જે પગલાં ન્યાયપુરઃસર નહીં લાગે ત્યાં પ્રજા તો કદાચ ચૂપ રહેશે અને વિપક્ષો પણ પોતપોતાની ગણતરી મુજબનું સ્ટેન્ડ લેશે, પણ ન્યાયપાલિકા તટસ્થ રહીને પ્રજા તરફી વલણ અપનાવી એની બંધારણીય સર્વોચ્ચતા સાબિત કરીને જંપશે !

ભઈલા, મેં તને કહેલું ને કે આજે લગ્ન છે, તેથી સારું ખાવાનું મળશે...

નવાં કલેવર
નટવર હેડાઉ

તે ટ્રેમાં ઠંડા પાણીની બોટલો લઈ એક તરફ ઊભો હતો. તે આ મોટી હોટલનો એકમાત્ર વેઈટર હતો. જેનું કામ ખાલી પ્લેટો ઊપાડવાનું. પાણીની બોટલો લાવવાનું અને ટેબલ સાફ કરવાનાં એ હતું.

જાન આવી ચૂકી હતી. અને હોટલના પોર્ચમાં જાનૈયાઓ બેન્ડવાજાની તેજ ધુન પર નાચી રહ્યા હતા. શહેરના કોઈ માલેતૂજારના દીકરાનાં લગ્ન હતા. જાનૈયાઓના હાથમાં પચાસ.. સો ના દરની નોટો હતી. જે તેઓ હવામાં ઉછાળી રહ્યા હતા. નાચતાં - નોટોને હવામાં ઉડાડતા હતા. જેને ઉઠાવવા માટે બેન્ડવાજાના અમુક માણસો જે ફક્ત એ કામ માટે જ લાવવામાં લાવ્યા હતા. ભીડમાં ઘુસીને ઉઠાવવાનો પ્રયત્ન કરતા હતા.

અચાનક તેણે જોયું તો લગભગ સાત વરસની એક છોકરી અને ચાર વર્ષનો છોકરો લલચામણી નજરે નોટોને જોઈ રહ્યા હતા. અને કોશિશ કરતા હતા કે થોડી નોટો તેઓ પણ ઉઠાવી લે. વેઈટર તેમને ઓળખતો હતો. બંને ભાઈ-બહેન હતા. અને કચરો વીણવાનું કામ કરતા હતા. મા મરી ગઈ હતી. બાપ ભંગાર અને પસ્તી ખરીદવાનું વેચવાનું કામ કરતો હતો. તેનો કબાડીનો ધંધો હતો. તેમાંથી જે કંઈ મળે તેનો દારૂ પી જતો. બંને બાળકો હોટેલના પાછળના ભાગે જયાં બચેલો ખોરાક અને એંઠવાડ ફેંકવામાં આવે છે તે જગ્યાએ આવતાં અને ખાઈ શકાય તેવું ભેગું કરી લઈ જતાં, ક્યારેક તો બહુ ભુખ્યાં થયાં હોય તો ત્યાં જ ખાવા લાગતાં.

ઘણા લાંબા સમય સુધી નાચગાન પછી જાને હોટલમાં પ્રવેશ કર્યો. તે પણ બીજું બધું ભૂલી તેમની સેવામાં લાગી ગયો.

રાતના બાર વાગવા આવ્યા હતા. જાનૈયાઓ ખાઈ-પીને જવા લાગ્યા હતા. તેણે વાસણો ઉપાડ્યા અને વોશિંગ પ્લેટ હતી ત્યાં મૂકવા લાગ્યો. તે પછી પ્લેટોમાં વધેલું ખાવાનં ભેગું કર્યું અને એક મોટા વાસણમાં ભરી હોટલના પાછળના ભાગે ફેંકવા ગયો. ત્યાં આવી જોતાં તે ચોંકી ગયો. એ જ ચાર આંખો પાછળના બારણા તરફ મંડાયેલી હતી. 'આટલી મોડી રાતે અહીં કેમ બેસી રહ્યા છો?' તેણે બંને બાળકોને ધમકાવી નાંખ્યા અને બચેલ ખાદ્ય પદાર્થોનું વાસણ એક તરફ ઓટલા પર ઊંધું પાડ્યું. તે વખતે દૂર બેઠેલ બે કૂતરાં અને એક ભૂંડ પણ નજીક આવવાની કોશિશ કરતાં બેઠાં હતા. બંને ભાઈ બહેને તેમને દૂર કાઢ્યા. બંને બાળકો જાણે રાહ જોઈ રહ્યા હતા. તે ખોરાકના ઢગલાં પાસે પહોંચી ખાવાલાયક વાનગીઓ ભેગી કરવા લાગ્યા.

'જો રમી... આજે તો આખી રોટલીઓ પણ છે. પુરીના ટૂકડા અને પુલાવ પણ છે. છોકરો રાજી રાજી થઈ ગયો. અને આખી રોટલીઓ ભેગી કરવા લાગ્યો.'

'ભઈલા, મેં તને કહેલું ને કે આજે લગ્ન છે. તેથી સારું ખાવાનું મળશે.... તું સમજતો જ નહોતો ને રડતો હતો. કંઈ વાંધો નહીં આખી રોટલી માટે નોટો ન લઈ શકાઈ તો શું થયું. રોટલીઓ તો મળી જ ને.' બહેન પોતાની સફળતા પર ખુશ હતી.

વેઈટર સ્તબ્ધ ઊભો રહી ગયો. છોકરાઓ ખુશ થતાં કચરામાંથી રોટલીઓ શોધતા હતા. અને તેને એમ લાગતું હતું કે હોટલની પાછળ પોર્ચમાં જાનૈયાઓ જાણે નાચી રહ્યા છે અને તેમના હાથમાં નોટોની જગ્યાએ રોટલીઓ હવામાં ઊછળી રહી છે અને જાણે કે કેટલાંય બાળકો હવામાં ઊછળતી એ રોટલીઓને ભૂમી નજરે જોઈ રહ્યાં છે. તેને ગામડામાં રહેતાં પોતાના બાળકો યાદ આવ્યાં. ત્યારે ભારે પગલે તે પાછો વળ્યો. છેવટ તેણે પણ તેમના માટે બે ટાઈમની રોટલીની વ્યવસ્થા કરવાની છે ને!

આજે દિવસ દરમિયાન કામ પણ ઘણું રહ્યું હતું. તે ખુબ થાકી ગયો હતો. છતાં ઊંઘ આવતી ન હતી. વારંવાર તેને પેલાં બે બાળકો અને નાચતા ઝુમતાં નોટો ઉછાળતાં જાનૈયાઓ, બેન્ડવાજાનો તીવ્ર અવાજ અને ફૂટતા ફટાકડા પાછળ થતો ધુમાડો દેખાતો હતો. તેમાં તેને ક્યારે નીંદર આવી ગઈ તેની ખબર જ ન પડી.

કોકરાઝાર સાહિત્ય મહોત્સવ : કળા અને આનંદનો સમન્વય

મન-રંજન
દ્વનિલ પારેખ

આજથી દસ-બાર વર્ષ પર્વે આસામમાં અલગ બોડોલેન્ડની માગણી સાથે ઉગ્ર તોફાનો થયાં હતા. બોડો જાતિની આ માગણીને કારણે આસામનો આ વિસ્તાર ખાસ કરીને કોકરાઝાર વધારે અશાંત રહેતો હતો. ધીમે ધીમે પરિસ્થિતિ થાળે પડતી ગઈ અને બોડો ટેરિટરી રિજયન (બીટીઆર સરકાર) અસ્તિત્વમાં આવી, જે આસામ સરકારની દેખરેખ હેઠળ કાર્યરત છે. પ્રમોદ બોરો અત્યારે બીટીઆરના ચેરમેન છે. પરંતુ કોકરાઝાર અને આખા વિસ્તારની છાપ હજી આખા દેશમાં અશાંત પ્રદેશ તરીકેની રહી છે. આ છાપ સુધારવા બીટીઆર સરકારે ૧૪ થી ૧૬ નવેમ્બર, દરમિયાન કોકરાઝાર ખાતે સાહિત્ય મહોત્સવનું આયોજન કર્યું હતું. આ મહોત્સવમાં અનેક રીતે અન્ય સાહિતય મહોત્સવ કરતા અનોખું હતું.

આ સાહિત્યમાં ૧૧૩થી વધુ ભાષાના ૧૫૦થી વધારે સર્જકોને આમંત્રણ આપવામાં આવ્યું હતું. આટલી બધી ભાષા અને આટલા બધા સર્જકોને ભેગા કરવા એ પણ કોકરાઝાર જેવા અવિકસિત જિલ્લામાં એ એક સાહસ જ હતું. વળી, આ મહોત્સવનો થિમ રાખવામાં આવ્યો હતો. 'પોએટ્રી ફોર પીસ એન્ડ લવ.' આયોજન પાછળનો હેતુ સ્પષ્ટ હતો કે હવે પહેલા જેવી અશાંત પરિસ્થિતિ નથી. પણ એ સંદેશો આખા દેશ સુધી પહોંચાડવા માટે કવિતા જેવા માધ્યમની પસંદગી કરવા બદલ પણ એ અભિનંદનને પાત્ર છે. કોઈ મોટી હસ્તીને ત્યાં આમંત્રણ નહોતું. અનેક નાની-નાની બોલીઓ ખાસ કરીને પૂર્વાંચલની જેના નામ પણ આપણે સાંભળ્યા ન હોય એ બોલી-ભાષાના કવિઓને પણ આમંત્રણ આપવામાં આવ્યું હતું. પ્રત્યેક કવિ પોતાની બોલીમાં કે ભાષામાં કાવ્યપાઠ કરે અને પછી એનો હિન્દી કે અંગ્રેજીમાં અનુવાદ રજૂ કરે.

દરેક બેઠકમાં આઠથી દસ કવિઓ કવિતા રજૂ કરતા હતા. એક બેઠકમાં ત્રણેક કવિઓ રજૂ થાય એ પછી ત્યાંનું લોકનૃત્ય કે લોકસંગીત રજૂ થાય. કવિ જયારે કવિતા પ્રસ્તુત કરતા હોય ત્યારે પણ વાંસળીના મંદ મંદ સૂરો સંભળાયા કરતા હોય. એ રીતે પણ એ એક નવો અનુભવ હતો.

૧૬ નવેમ્બર બોડો સાહિત્ય સભાનો સ્થાપના દિવસ હતો. આ ત્રણે દિવસ ખાસ કરીને વિદ્યાર્થીઓ આ મહોત્સવમાં ભાગ લઈ શકે એ માટે ત્યાં શાળા-કૉલેજોમાં રજા આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં સવારથી સાંજ સુધી ઉપસ્થિત રહ્યા હતા. અંદાજે ૨૦૦૦ લોકો સવારે દસથી સાંજે આઠ સુધી કાવ્યપઠન સાંભળવા ઉપસ્થિત રહ્યા હતા. કોઈ જાણીતું નામ નહોતું છતાં સાહિત્ય પ્રત્યે, કળા પ્રત્યે ત્યાંના લોકોનો આદર છલકાતો હતો. સિત્તેર વર્ષની વૃદ્ધ મહિલાથી લઈને ૧૭ વર્ષની કૉલેજની કન્યાને મળો તો પણ તમારા પ્રત્યેની એમની લાગણીનો અનુભવ ભરપૂર થતો હતો.

આખા દેશમાં જુદા જુદા સાહિત્ય મહોત્સવો યોજાતો હોય છે. પણ કોઈ સરકાર આ રીતે આટલા મોટા પાયે આયોજન કરે એ પણ એક નોંધપાત્ર ઘટના હતી. સમગ્ર આયોજનની જવાબદારી એક ચોત્રીસ વર્ષના યુવાન બિહુંગ બ્રહ્મોના ખભા પર હતી. જે ધીરજ અને ચીવટથી આ યુવાને પોતાની જવાબદારી નિભાવી એ પણ કાબિલેદાદ હતી. કોકરાઝારની ગૌરાંગ નદીના કિનારે યોજાયેલો આ સાહિત્ય મહોત્સવ અનેક રીતે યાદગાર બની રહ્યો.

મારે હૈડે હરખ ના માય, આજ મારે દિવાળી

મનના ઉમંગો
રણછોડ પરમાર

રણછોડરાયની આરતીમાં એક કડી આવે છે.
ઝાઝે ફૂલડે સેજ બિછાવું ને બેસે રાય રણછોડ રે ,
ઊભી રહી વાવલિયા ઢોળું મારે હૈડે હરખ ના માય.
આજ મારે દિવાળી.
મારે દિવાળી થઈ આજ હરિમુખ જોવાની,
મારાં સર્યાં સેવકનાં કાજ હરિમુખ જોવાની.

રણછોડરાયની આ આરતી કોણે લખી છે તેની મને કોઈ ખબર નથી. " ભણે શિવાનંદ સ્વામી" એ વાંચતા જ ખબર પડી જાય છે કે અંબાજીની આરતી શિવાનંદ સ્વામીએ લખેલી છે. ડાકોરવાળાની આરતીમાં રચયિતાના નામનો કોઈ ઉલ્લેખ નથી. પરંતુ આ કડીની બીજી લાઈન " ઊભી રહી વાવલિયા ઢોળું" વાંચતાં એટલી સમજ પડે છે કે આરતી કોઈ ભક્ત કવિયત્રિએ લખી લાગે છે.

વહેલી સવારમાંજ હરિના દર્શન થઈ જાય તો એના જેવું બીજું સુખ કયું હોઈ શકે ? હૃદયમાં આનંદ આનંદ ફરી વળે છે. મંગળા આરતીની શરુઆતમાં જ ગવાય છે," પ્રાતઃ સમય પ્રભુમુખ નિરખી આનંદ ઉર ન સમાય રે !" આમ દર્શન કરતાંજ દિવસ સુધરી જાય છે. એટલો બધો સુધરી જાય છે કે વરસનો સામાન્ય દિવસ પણ ભક્તને મન દિવાળી જેવો શુભ બની જાય છે. દર્શન થાય છે એટલું જ નહીં, ભક્ત ભગવાનને પોતાને ઘેર આવકારો દે છે. તેમના બેસવા માટે ફૂલોથી સેજ સજાવે છે. પરભુ બેસે એ પછી એમને ગરમી ના લાગે તે માટે ઊભી ઊભી વીંઝણો ઢોળે છે. અહીં વાવલિયા ઢોળું એવો શબ્દપ્રયોગ કર્યો. ઘણા સ્થળે પાવનિયા ઢોળું એવું પણ ગવાય છે. બંનેનો અર્થ એક છે. સ્થળ બદલાય તેમ શબ્દો બદલાય, પણ ભાવ ના બદલાય એવું ઘણાં લોકગીતોમાં જોવા મળે છે. બહાર તડકામાં ચાલીને આવેલા, થાકેલા અને હવે ફૂલોથી સજાવેલી સેજ પર બેઠેલા દ્વારકાધીશને ઉકળાટ ના લાગે તે માટે ભક્તાણી ઊભી ઊભી પંખો નાખે છે. આટલી સેવા કરવા મળી તેથી એના હૈયાનો હરખ માતો નથી. કવિયત્રિએ બહુ સુંદર શબ્દો ઉપયોગમાં લીધા છે "મારે હૈડે હરખ ના માય". હૈયા ને બદલે હૈડું શબ્દ વાપર્યો છે. હૈયુ શબ્દ કરતાં હૈડું શબ્દમાં ઉમળકાની માત્રા સ્પષ્ટપણે વધારે વર્તાય છે. આ પંક્તિ મને ખુબ ગમે છે.

(ગંગાસતીએ તો એમ કહ્યું છે કે " હરખ ને શોકની જેને નવ આવે હેડકી, ને આઠે પહોર રેહ્લવે આનંદે જી."

પણ એ તો મેરુ કરતાંય મોટેરા આદમીઓની વાત છે. આપણું એ ગજું નહીં. આપણે તો નાની અમથી ખુશીમાંય હરખાઈ જઈએ અને ટચુકડી આપત્તિમાંય હલબલી જઈએ.)

હૈયામાં હરખ ઊભરાતો હોય, બહાર આવી ચહેરા પર રેલાતો હોય. આંખોમાં ચમકતો હોય એ મુખ કેટલું સુંદર લાગે એની હું કલ્પના કરવા લાગું છું. આમ કરતાં મને મારા એક સેક્શન અધિકારીની યાદ આવે છે. તેઓ શિરડી સાંઈબાબાના દર્શને ગયા હતા. મંદિરની મૂર્તિના દર્શન કર્યા હશે. પણ એ સાંજે કોઈ સભા જેવું હતું અને ભક્તગણો સમક્ષ ખુદ સાંઈબાબા દર્શન દેવા અને કંઈક પ્રવચન કરવા આવ્યા હશે. તે સમયે સાંઈબાબાના દર્શન થતાં જ સામે બેઠેલા અમાર સેકશન અધિકારીના મુખ પર અપાર આનંદ છવાઈ ગયેલો. કોઈએ સ્ટેજ ઉપરથી સામે બેઠેલા ભક્તજનોનો ફોટો પાડેલો. એ ફોટામાં અમારા સાહેબનો આનંદથી ઊભરાતો ચહેરો પકડાઈ ગયેલો. તેમણે આ ફોટો મને બતાવેલો. અત્યાર સુધી મેં અસંખ્ય ફોટાઓ જોયા હશે પણ આવો આનંદીત ચહેરો હજી સુધી જોયો નથી. જૂના જમાનામાં કેમેરાઓ હતા નહીં, નહીંતર આપણને ફૂલોથી સજાવેલી સેજ પર બેઠેલા કૃષ્ણને વીંઝણો ઢોળતી ગોપીનો પ્રફૂલ્લિત ચહેરો જરુર જોવા મળત.

ફૂલછાબના દિવાળી અંકમાં દક્ષિણ આફ્રિકાના મસાઈમારાના જંગલોમાં સિંહદર્શન કરવા ગયેલા પ્રવાસીઓને અચાનક સિંહ દેખાઈ જતા જે આનંદ થાય છે તેવો આનંદ પ્રદર્શિત કરતો એક ફોટો આવ્યો છે. જીપમાં બેઠેલા ચરપાંચ જણાના ચહેરા પર આનંદ ઊભરાતો દેખાય છે. અહીં એકલો આનંદ નથી, ભયમિશ્રિત આનંદ છે. કૃષ્ણના દર્શન કરતી ગોપી કે ગુરુના દર્શન કરતા ભક્તની સાથે આની સરખામણી ના થઈ શકે. આનંદથી ઊભરાતા ચહેરાની વાત કરતાં મારી પણ અનેક યાદો ઊભરાવા માંડી છે.

આવી જ એક સ્મૃતિ છે, આંદામાન-નિકોબાર ટાપુઓની મુલાકાતની. એ પ્રવાસ દરમ્યાન અમે એક રબરનો બગીચો જોવા ગયાં હતાં. ગાઈડે પહેલાં અમને રબરનાં ઝાડ બતાવ્યાં. પછી ઝાડના કાપામાંથી રેલાતો રબરનો રસ નીચે ગોઠવેલી કાચલીમાં એકત્રિત થતો દેખાડ્યો. એ ભાળતાં અમારા બધાના ચહેરા પર જે આનંદ રેલાયો હતો એ ગજબનો હતો. પણ આ આનંદ નકરો આનંદ કે ભયમિશ્રિત આનંદ ન હતો. બલ્કે આશ્ચર્યાનંદ હતો. માન્યામાં ના આવે એવી કોઈ વસ્તુ જોઈએ અને જે આનંદ થાય એવો આ આનંદ હતો.

હરખની હેલી જેવો જ બીજો શબ્દપ્રયોગ છે, આનંદનાં આંસું. હૃદય જીરવી ના શકે તેવો આનંદ થાય ત્યારે આંખમાંથી આંસુ નીકળી જાય છે. એવા ટાણે વાચા હરાઈ જાય છે. ડૂમો ભરાઈ જાય છે. એક છોકરીના ઘણા વરસો સુધી લગ્ન થયાં ન હતાં. એના માતાપિતાને તો ચિંતા હોય જ પણ એની અનેક બહેનપણીઓને પણ આ વાત કોરી ખાતી હતી. લગભગ ચાલીસ વરસની ઉંમરે અચાનક એ છોકરીનાં લગ્ન લેવાયાં. કંકોતરી આપવા એ વહાલી સખીના ઘેર ગઈ. સાહેલી તો સમાચાર સાંભળીને જ ઘેલી ઘેલી થઈ ગઈ. દોડીને કન્યાને ભેટી પડી. એની આંખોમાંથી અશ્રુ વહેવા માંડ્યા.એના આનંદની અવધિ આવી ગઈ હતી. એ રીતસર રડવા જ માંડી. આનંદ ક્યારેક આવું સ્વરુપ પણ ધારણ કરે છે.

દ્રષ્ટિ ગુમાવી ચૂકેલી માતાને આંગણે જ્યારે સ્વામી આનંદ આવ્યા હશે ત્યારે દાયકાઓને અંતે પણ પુત્રનાં પગલાં પારખી ગયેલી માતાને હૈયે કેવો હરખ થયો હશે એની કોઈ કવિ કવિતા કરે તો અમ્મર થઈ જાય !

આવા ને આવા હરખ મારા દેશના સર્વે નાગરિકોને પ્રાપ્ત થાય એવી પ્રભુને પ્રાર્થના કરું છું.